ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# વાઈબ્રન્ટને પગલે ગાંધીનગરને રૂપાળુ બનાવવા તંત્રની ટીમ સજ્જ

**નગરના માર્ગો, ફુટપાથના ગાબડા પુરાશે : સ્ટ્રીટ લાઇટના થાંભલાને પણ રંગરોગાન થશે : માર્ગો પર થર્મોપ્લાસ્ટના પટ્ટા અને કેટ આઇ લાગશે : સેન્ટ્રલ વર્જને આકર્ષક બનાવવા પણ કલર કામ અને પ્લાન્ટેશન કરાશે**

ગાંધીનગર તા ૨૩

વાઈબ્રન્ટ સમિટ નજીકમાં છે ત્યારે તંત્ર પાસે પણ રાત થોડી અને વેશ જાજા જેવી સ્થિતિ છે. આગામી વાઈબ્રન્ટ સમિટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહીત દેશ વિદેશના મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનશે જેને અનુલક્ષી ગાંધીનગરને વાઈબ્રન્ટ લુક આપવાની દીશામાં તંત્ર કામે લાગ્યુ છે. ગાંધીનગરને રૂપાળુ બનાવવા માટે માર્ગોની સુધારણા , ફુટપાથના ગાબડા પુરવા તેમજ વિવિધ ઠેકાણે રંગરોગાન કરવા માટેની યોજના તૈયાર કરી દેવામાં આવી છે.

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરનો નઝારો નિખરે તે માટે તંત્ર હવે યુધ્ધના ધોરણે કામે લાગ્યુ છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ગાંધીનગરને દુલ્હનની જેમ શણગારવામાં આવે છે. રંગોરોગાન અને રોશનીની ઝાકમઝોળ વચ્ચે નગર નિખરી ઉઠે છે. શહેરનો આ વાઈબ્રન્ટ નઝારો નિહાળવા માટે રાજયના વિવિધ શહેરોમાંથી મુલાકાતીઓ પણ આવે છે. રાત્રિના સમયે જગમગ થતુ શહેર આકર્ષણનુ કેન્દ્ર બને છે.



વાઈબ્રન્ટ સમિટના આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે વાઈબ્રન્ટ સમિટની તૈયારીમાં તંત્ર લાગી ગયુ છે. નગરના મુખ્ય ઘ માર્ગનુ પણ ટુંકમાં રીસરફેસીંગ કરી દેવાશે જયારે નગરના તમામ માર્ગોનુ પેચવર્ક અલબત્ત ડામરના હળવા લેયરનુ કામ પણ હાથ ધરવામાં આવશે. શહેરના માર્ગોને વધુ ચકાચક અને નયનરમ્ય બનાવવા માટે રોડ ફર્નિચરની કામગીરી પણ મુખ્ય રહેશે. જેમાં થર્મોપ્લાસ્ટના પટ્ટા, કેટ આઈ પણ લગાવાશે જેથી રાત્રિના સમયે માર્ગ વચાળે પીળા રંગની લાઈટો પણ જગમગતી જોવા મળશે. મુખ્યમાર્ગોની આસપાસ સફાઈની સાથે વૃક્ષોનુ ટ્રીમીંગ તેમજ થડીયાના પણ ગેરુકલરથી સુશોભિત કરાશે. નગરના માર્ગો આસપાસની ફુટપાથ છેલ્લા ઘણાં સમયથી કંગાળ હાલતમાં જોવા મળે છે જેને અનુલક્ષી ફુટપાથના રીપેરીંગ સહીત કર્બિંગને કલર પણ કરાશે. શહેરની ફુટપાથ રીપેરીંગ અન્વયે પણ તમામ માર્ગો આવરી લેવાશે.




આ ઉપરાંત માર્ગો પર સ્થિત સ્ટ્રીટ લાઇટના થાંભલા પણ કટાયેલી હાલતમાં છે જેને કલર કરાશે તેમજ ખુલ્લા હોય તેવા કિસ્સામાં ઢાંકણ પણ લગાવી દેવાશે. સ્ટ્રીટ લાઇટના પોલ્સ પર જયાં જાહેરાતના બેનર્સ કે પેમ્ફેલેટસ ચિપકાવેલા હશે તે પણ દુર કરાશે. સ્ટ્રીટ લાઇટના થાાંભલાના જાહેરાત બદલ ઉપયોગ કરનારા સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.શહેરના સાત ઉભા અને આડા માર્ગો પર સ્થિત લાઈટીંગ પોલ્સને કલરકામ કરાશે.

આગામી જાન્યુઆરી મહીનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત દેશ વિદેશમાંથી પણ મહાનુભાવો સમિટમાં હાજરી આપશે.ઉદ્યોગ જગતના અગ્રણીઓ પણ વાઈબ્રન્ટમાં ઉપસ્થિત રહેશે જેને અનુલક્ષીને ગાંધીનગરને રૂપાળુ બનાવવા માટે સમગ્ર તંત્ર કામે લાગશે. જયારે હાલ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી માર્ગ મકાન

● અનુસંધાન પાન-૭ પર

## વાયબ્રન્ટ સમીટના વિવિધ સ્થળોની મુલાકાત લેતા મ્યુનિ. કમિશનર

ગાંધીનગર, તા. ૨૩

આગામી જાન્યુઆરીમાં યોજાનાર વાયબ્રન્ટ સમીટને લઈ મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલ અને તેમની ટીમે આજે શહેરના વાયબ્રન્ટ ઉજવણીના સ્થળોની મુલાકાત લીધી હતી.

મળતી વિગતો પ્રમાણે કમિશનર અને તેમની ટીમે મહાત્મા મંદિર, એક્ઝીબીશન સેન્ટર તેમજ મહાત્મા મંદિર જવાના માર્ગો અને પાર્કિંગની વ્યવસ્થાના સ્થળોની મુલાકાત લીધી હતી. આ વિસ્તારોમાં સફાઈની વ્યવસ્થા સહિતના મુદ્દાઓ પર તેમણે સમીક્ષા કરી હતી.

એક્ઝીબીશન સેન્ટર નજીક સર્વિસ રોડની કામગીરી જે હાલ ચાલુ છે તે ઝડપથી પૂર્ણ થાય તેમજ પાર્કિંગના જે સ્થળ છે ત્યાં પણ સફાઈની કામગીરી ઝડપથી હાથ ધરવા માટેની સૂચનાઓ આપી છે.

કમિશનરે મહાત્મા મંદિર તેમજ તેની આસપાસના સેક્ટરોમાં પણ સફાઈ કામગીરી સઘન રીતે હાથ ધરવા માટેની સૂચનાઓ આપી હતી.

વાયબ્રન્ટ સમીટ ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન યોજાશે. આ માટેની તૈયારીઓમાં હવે ગતિ આવી છે. માર્ગ-સુધારણા સહિતના કામો તેમજ ગ-રોડ પર ચાલી રહેલ અન્ડરપાસની કામગીરી ઝડપથી પુરી થાય તે જોવા કમિશનરે આજે પુનઃ સૂચનાઓ આપી છે. મહાત્મા મંદિર પાસેના પાર્કિંગની સ્વચ્છતા માટે પણ સૂચનાઓ આપી છે.



ગાંધીનગરના મુખ્ય માર્ગ ઘ-રોડ પર ઘણી બધી સરકારી કચેરીઓ આવેલી છે. પથિકાશ્રમથી શરૂ થઈ છેક ઘ-૫ સુધી આવેલી આ કચેરીઓની મુલાકાતે દરરોજ અસંખ્ય મુસાફરો આવે છે. કચેરીઓની મુલાકાતે આવતા મુલાકાતીઓ માટે પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી રોડ પર જ ઘણા વાહનો પાર્ક થયેલા જોવા મળે છે. ગાંધીનગર મહાનગરકપાલિકાની સામે પાર્ક થયેલા વાહનો ટ્રાફિકને નડતરરૂપ બની રહ્યા છે.

# વર્લ્ડ બેંકની મિશન ટીમ રાજ્યની ચાર દિવસની મુલાકાતે

**‘મિશન સ્કૂલ્સ ઓફ એકસલન્સ’ દ્વારા આવનારા પાંચ વર્ષમાં રાજ્યની લગભગ ૨૦,૦૦૦ સરકારી શાળાઓનું આમૂલ રુપાંતરણ કરાશે**

ગાંધીનગર, તા.૨૩

રાજયમા મિશન સ્કૂલ્સ ઓફ એકસલન્સ‘ દ્વારા આવનારા પાંચ વર્ષમાં રાજ્યની લગભગ ૨૦,૦૦૦ સરકારી શાળાઓનું આમૂલ રુપાંતરણ કરવા માટે અને વૈશ્વિક સુવિધાઓ આપવા માટે વર્લ્ડ બેંકની મિશન ટીમ રાજ્યની ચાર દિવસની મુલાકાતે આવી છે આ ટીમે પ્રવાસના પ્રથમ દિવસે વર્લ્ડ બેંકના પ્રતિનિધીઓની ટીમે રાજયના શિક્ષણમંત્રી શ્રી જીતુભાઇ વાઘાણી અને રાજય કક્ષાના મંત્રીશ્રી કિર્તીસિંહ વાઘેલા સાથે મુલાકાત કરી હતી.

એકવીસમી સદી એટલે જ્ઞાન-વિજ્ઞાન અને ટેકનોલોજીનો યુગ, શ્રેષ્ઠ ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે તથા બદલતા સમય સાથે વિશ્વસ્તરીય તમામ શૈક્ષણિક સુવિધાઓ બાળકો સુધી પહોંચાડવા માટે ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ‘મિશન સ્કૂલ્સ ઓફ એકસલન્સ‘ દ્વારા આવનારા પાંચ વર્ષમાં રાજ્યની લગભગ ૨૦,૦૦૦ સરકારી શાળાઓનું આમૂલ રુપાંતરણ કરવામાં આવશે.

આ મિશન અંતર્ગત અદ્યતન માળખાકીય સુવિધાઓ અને અધ્યયન અધ્યાપન નિષ્પતિઓ આધારિત વૈશ્વિકસ્તરનું શિક્ષણ પુરું પાડવામાં આવશે. વર્લ્ડ બેંક (ડબ્લ્યુ) અને એશિયન ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેન્ટ બેંક (ડબ્લ્યુ) દ્વારા આશરે ૮,૦૦૦ કરોડના ફંડીંગ દ્વારા લગભગ રાજ્યના સરકારી શાળામાં ભણતા ૯૦ ટકાથી વધુ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણની તમામ સુવિધાઓનો લાભ મળશે. જેની શરુઆતના ભાગરુપે વર્લ્ડ બેંકની મિશન ટીમ દ્વારા રાજ્યની પ્રથમ ચાર દિવસની મુલાકાત તા.૨૩ થી ૨૬ નવેમ્બર, ૨૦૨૧ના આજના પ્રથમ દિવસનો આરંભ થયો છે.



વર્લ્ડ બેંકના પ્રતિનિધી સુશ્રી શબનમ સિંહા અને તેમની ટીમ સાથે રાજયના શિક્ષણ સચિવશ્રી વિનોદ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રી ઓ સાથે કાર્યશાળા દ્વારા તબક્કાવાર આયોજન અંગે જરુરી વિચાર ગોષ્ઠી કરવામાં આવી. વર્લ્ડ બેંકના અન્ય વિષય નિષ્ણાંત સભ્યો વર્ચ્યુઅલી કાર્યશાળામાં જોડાયા અને એમના જરુરી મંતવ્યો આપ્યા. વર્લ્ડ બેંકની ટીમ મહેસાણા અને સાબરકાંઠા જિલ્લાની શાળાઓની મુલાકાત કરનાર છે.

# સે-૬ માં નવા આવાસો ટુંક સમયમાં કર્મચારીઓને ફાળવવામાં આવશે

**આવાસોમાં નાની મોટી ફરિયાદો દુર કરવા કોન્ટ્રાકટરને સુચના આપી દેવામાં આવી છે : તંત્ર**

ગાંધીનગર તા ૨૩

સે-૬ માં નવ નિર્મિત વીર




ભગતસિંહ નગરમાં બી કક્ષાના ૫૬૦ આવાસોનુ થોડા દિવસો અગાઉ લોકાર્પણ કરાયુ છે જયારે આ તબક્કે ૧૧ આવાસોની પ્રતિકાત્મક ફાળવણી પણ કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધીના બાકીના આવાસોની ફાળવણી કરવામાં આવી નથી આવાસોમાં સામાન્ય સુધારા તેમજ બારી દરવાજાનુ થોડુ કામ બાકી હોવાથી ટુંકમાં જ કર્મચારીઓને નવા આવાસોની ફાળવણી કરવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

શહેરમાં નવા સરકારી આવાસો બાંધવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. થોડા દિવસો અગાઉ મુખ્યમંત્રીએ નગરમાં નવા ૧૪૦૦ સરકારી આવાસો બાંધવા માટે મંજુરી આપી છે. જયારે હાલ પણ સે-૬ માં તેમજ સે-૨૯ માં નવા મકાનો બાંધવાની કામગીરી ચાલી રહી છે. જયારે થોડા દિવસો અગાઉ સે-૬ માં બી કક્ષાના નવા ૫૬૦ મકાનોનુ લોકાર્પણ કરાયુ હતુ. મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરાયા બાદ આ દરમિયાન ૧૧ લાભાર્થીઓને પ્રતિકાત્મક રૂપે આવાસોની ફાળવણી પણ કરવામાં આવી હતી જયારે હજુ સુધી બાકીના આવાસોની લાભાર્થીઓને ચાવી મળી નથી. જો કે આવાસોમાં કેટલાક મકાનોમાં બારી દરવાજા તેમજ નાનુ મોટુ ટચીંગ બાકી હોવાથી આવાસો ફાળવવામાં વિલંબ થયો છે. ત્યારે સુત્રોમાંથી મળતી માહીતી મુજબ ટુંકમાં જ નવા આવાસો ફાળવવા માટે પ્રક્રીયા હાથ ધરાશે. આ મામલે સંબંધિત કોન્ટ્રાકટરને પણ સુચના આપી દેવામાં આવી છે. જેના અંતે ટુંક સમયમાં કામ પુર્ણ થતા આવાસોનો કબજો પણ કર્મચારીઓને મળી જશે. શહેરમાં નવા આવાસોનુ કામ પણ ઝડપથી હાથ ધરવામાં આવે તે દીશામાં આયોજન કરવામાં આવી રહ્યુ છે. સે-૨૯ માં નવા મકાનો બાંધવા માટે નવી સાઈટ નિયત કરી દેવામાં આવી છે. ત્યારે જુના મકાનો તોડીને તેના સ્થાને નવા મકાનો બાંધવા માટે પણ હવે ગતિવિધિ તેજ બનશે.

## કુપોષણની સમસ્યા પર ટાસ્કફોર્સની મળેલી બેઠકમાં તંત્રએ સઘન ચિંતન કર્યુ

ગાંધીનગર, તા. ૨૩

કોરોના મહામારી પછી જિલ્લામાં ઉભરી આવેલ કુપોષણની સમસ્યાને લઈ ગઈકાલે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમના અધ્યક્ષસ્થાને ટાસ્કફોર્સ ન્યુટ્રીશ્યનની એક મહત્વની બેઠક મળી હતી.

જિલ્લા પંચાયતના સરદાર હોલમાં મળેલ આ બેઠકમાં આયોડીનની ઉણપને લઈ વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી. આ બેઠકમાં કુપોષણ સાથે લડવા માટેના રોડમેપ પર પણ ચર્ચાઓ થઈ હતી.

મળતી વિગતો મુજબ આરોગ્યતંત્ર દ્વારા કુપોષીત બાળકો શોધવાનો કાર્યક્રમ જે હાલ ધીમી ગતિ ચાલતો હતો તેને હવે સઘન બનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે. આર.બી.એસ.કે.ની ટીમ દ્વારા આગામી દિવસોમાં આ કામગીરી હાથ ધરવામાં આવશે.

મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા જે પોષણયુક્ત સમાજરચના માટે ચાલતી યોજનાઓની અમલવારીમાં આરોગ્યતંત્ર અને મહિલા બાળ વિકાસ સુયોગ્ય સંકલન સાથે આગળ વધે તેના પર જિલ્લા વિકાસ અધિકારીએ વિશેષ ભાર મુક્યો હતો.

# જિલ્લા ખેતીવાડી અધિકારી જાદવ સહિત જિલ્લાના પાંચ અધિકારીઓ બદલાયા

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લા ખેતીવાડી અધિકારી ડી. જાદવ સહિત જિલ્લાના પાંચ ખેતીવાડી અધિકારીઓની બદલી થતાં તંત્રમાં મોટા ફેરફારો થયા છે.

રાજ્યના કૃષિ વિભાગ દ્વારા ગઈકાલે એક સાથે ૨૪૦ જેટલા મદદનીશ ખેતી નિયામક સંવર્ગના અધિકારીઓની બદલીના હુકમો કરાયા છે.જેમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના પાંચ અધિકારીનો સમાવેશ થાય છે.

જિલ્લા ખેતીવાડી અધિકારી ધીરૂભાઈ જાદવને મદદનીશ ખેતી નિયામક વિસ્તરણ પેટા વિભાગ તળાજા ખાતે મુકવામાં આવ્યા છે. જિલ્લામાં મદદનીશ ખેતી નિયામક (એગ્રો) તરીકે ફરજ બજાવતા શશીભાઈ પટેલને જાદવની જગ્યાએ મુકવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# માણસામાં ૨.૧૫ કરોડના ખર્ચે સબ રજીસ્ટ્રાર કચેરીનુ નવુ બિલ્ડીંગ બનાવાશે

**દસ્તાવેજ રાખવા માટે અદ્યતન સ્ટોરેજ સિસ્ટમની પણ વ્યવસ્થા કરાશે : ત્રણ માળના બિલ્ડીંગમાં તમામ સુવિધા ઉપલબ્ધ કરાશે : મીટીંગ રૂમ પણ બનશે**

ગાંધીનગર તા ૨૩

માણસા મામલતદાર કચેરીના સંકુલમાં નવી ત્રણ માળની સબ રજીસ્ટ્રાર કચેરી બનાવવાનુ આયોજન કરાયુ છે. કચેરીમાં દસ્તાવેજની જાળવણી માટે અદ્યતન સ્ટોરેજ સિસ્ટમ પણ બનાવાશે. આ કાર્યયોજના પાછળ રૂ ૨.૧૫ કરોડનો ખર્ચ કરાશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે આગામી ચાર મહીનામાં નવી સબ રજીસ્ટ્રાર કચેરીના નિર્માણનુ કામ પુર્ણ કરી દેવાશે.

માણસા મામલતદાર કચેરીમાં નવી સબ રજીસ્ટ્રાર કચેરી બનાવવા માટે રૂ ૨.૧૫ કરોડના ખર્ચને વિભાગે વહીવટી મંજુરી આપી દેવાતા આ કાર્યયોજના આગળ વધારવા માટે ગતિવિધિઓ શરૂ કરી દેવામાં આવી છે. કલેકટર કચેરી દ્વારા આ નવીન બિલ્ડીંગના બાંધકામ માટે મામલતદાર કચેરીના સંકુલમાં ૨૫૯.૪૯ ચો મી જગ્યા ફાળવવામાં આવી છે. હાલ નવી સબ રજીસ્ટ્રાર કચેરીનુ બિલ્ડીંગ ગ્રાઉન્ડ ઉપરાંત ૨ માળનુ બાંધવામાં આવશે. જયારે ભવિષ્યમાં વધુ ત્રણ માળનુ બાંધકામ પણ થઈ શકે તે મુજબનુ આયોજન કરાયુ છે. નવા બિલ્ડીંગમાં દસ્તાવેજ સચવાયેલા રહે તે માટે અતિ આધુનિક સ્ટોરેજ સિસ્ટમ કોમ્પેકટરની વ્યવસ્થા પણ કરવામાં આવશે. આ ઉપરાંત નવા બિલ્ડીંગમાં લીફટ તેમજ ફાયર ફાઈટીંગ સિસ્ટમ પણ કાર્યરત રહેશે. પાણીની વ્યવસ્થા માટે ૧ લાખ લીટરની અન્ડર ગ્રાઉન્ડ ટાંકી બનાવાશે. આવા સંજોગોમાં પાણીનો સપ્લાય બંધ થઈ જાય તો પણ ૧૫ દિવસ સુધી પણ પાણીની પોકાર સંભળાશે નહીં. હાલની સ્થિતિએ માણસા તેમજ કલોલ શહેરમાં આવતા મહેસુલ વિભાગના અધિકારીઓ માટે બેઠક કરી શકાય તે માટે કોઈ મીટીંગ રૂમની સુવિધા નથી જેને અનુલક્ષીને સબ રજીસ્ટ્રાર કચેરીમાં આવનાર મુલાકાતીઓને પણ દસ્તાવેજની પ્રક્રીયામાં સરળતા રહે તે મુજબની બેઠક વ્યવસ્થા , વેઈટીંગ રૂમ પણ ઉપલબ્ધ થશે. હાલ જુની કચેરી મામલતદાર કચેરીમાં કાર્યરત છે. જયારે નવા બિલ્ડીંગના નિર્માણ બાદ કચેરી નવી જગ્યાએ કાર્યરત થશે આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આગામી ચાર મહીનામાં બિલ્ડીંગનુ કામ પુર્ણ કરી દેવાશે.

## વિસનગરા નાગર બેસણું



અમારા પિતાશ્રી **રમેશચંદ્ર જમનાદાસ રાવલ** કારતક વદ ત્રીજને તા. ૨૨/૧૧/૨૦૨૧ને સોમવારના રોજ કૈલાસનિવાસી થયેલ છે.

**હાટકેશામ્બિકા તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.**

**સદ્દગતનું બેસણું તા. ૨૫/૧૧/૨૦૨૧ને ગુરૂવારના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.**

**સ્થળ : ભુવનેશ્વર મહાદેવ મંદિર હોલ, સેક્ટર-૬, ગાંધીનગર**

મહેશકુમાર રમેશચંદ્ર રાવલ — રાજેશકુમાર રમેશચંદ્ર રાવલ
ઉજ્જવલકુમાર રમેશચંદ્ર રાવલ — ગં.સ્વ. આશા ઉર્વિશકુમાર ભટ્ટ
સમસ્ત રાવલ પરિવાર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White — THE WHITEST WHITE CEMENT
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com